**શ્રી બી.એસ.ભટ્ટ, પ્રમુખ અધિકારી, મજૂર અદાલત નં.૧, અમદાવાદ સમક્ષ**
**રેફરન્સ (ટી) નં.૩૯૬/૨૦૨૨**

(૧) સીકવલ લોજીસ્ટીક,
૨૯–૩૦, શ્રીમાળી સોસાયટી, પાસપોર્ટ ઓફીસ સામે,
મીઠાખળી છ રસ્તા, નવરંગપુરા, અમદાવાદ.
(૨) ન્યુ કરવા રોડવેઝ,
મોહનવેર હાઉસ, નારોલ, અમદાવાદ. ...**પ્રથમ પક્ષકાર**

**વિરૂધ્ધ**

માઈકલ ફ્રાન્સીસ ઝેવીયર,
૨, શ્રી નંદ રો હાઉસ, સીટીએમ,
અમરાઈવાડી, અમદાવાદ.
૮/૦, સહકાર કામદાર યુનીયન,
અજીત મીલ સામે, રખીયાલ રોડ, અમદાવાદ. ...**બીજા પક્ષકાર**

**વિષય :–આઈ.ડી.એકટની કલમ–૧૦(૧) (સી) મુજબ ઔદ્યોગિક વિવાદ**

| | | |
|---|---|---|
| પ્રથમ પક્ષકાર નં.૧ તરફે | : | વિ.વકીલશ્રી કે.વી.ગઢીયા, શ્રી એમ.કે.પટેલ. |
| પ્રથમ પક્ષકાર નં.૨ તરફે | : | કોઈ હાજર નથી. |
| બીજા પક્ષકાર તરફે | : | વિ. પ્રતિનિધિશ્રી એસ.કે.કાઝી. |

**:: એ વો ર્ડ ::**

(૧) મદદનીશ શ્રમ આયુકતશ્રીની કચેરી, અમદાવાદના તા.૨૩/૦૮/૨૦૨૨ ના ક્રમાંક: નાશ્રઆ/ અવિ/ વિભાગ.૧/ આઈડીઆર નં.૩૧૧/૨૦૨૨/૨૬૬૭૮ ના પત્રથી બીજા પક્ષકાર માઈકલ ફ્રાન્સીસ ઝેવીયરના એ આઈ.ડી.આર. કેસ નં.૩૧૧/૨૦૨૨ અંતર્ગત નોકરીમાં પુન:સ્થાપિત થવા તથા અન્ય આનુસાંગિક લાભો મેળવવા ફરીયાદ કરેલી તેમાં સમાધાન શકય બનેલ નથી તેથી ઔદ્યોગિક વિવાદ (સુધારા) અધિનિયમ ૨૦૧૦ કે જે કેન્દ્ર સરકારના શ્રમ અને રોજગાર વિભાગના જાહેરનામા ક્રમાંક એસ.ઓ. ૨૨૭૮ (ઈ) થી તા.૧૫/૯/૧૦ ના રોજ અમલમાં આવેલ છે જેની કલમ ૩ થી સુધારેલ જોગવાઈ મુજબ ફરીયાદ સીધી મજુર અદાલત અમદાવાદને કરવાની સુચના આપવામાં આવતા બીજા પક્ષકારે સીધો રેફરન્સ અદાલત સમક્ષ રજુ કરેલ છે.

**અનુસૂચિ :**– માઈકલ ફ્રાન્સીસ ઝેવીયર, ૨, શ્રી નંદ રો હાઉસ, સીટીએમ, અમરાઈવાડી, અમદાવાદ ને તેમની સળંગ નોકરી ગણી પડેલા દિવસોના પગાર સાથે તેમની મુળ જગ્યાએ નોકરીમાં પુન:સ્થાપિત કરવા જોઈએ કે કેમ?

(૨) આજરોજ લોકઅદાલત દરમિયાન બીજા પક્ષકાર અને તેમના પ્રતિનિધિશ્રીએ હાજર થઈ આંક–૧૦ ની પુરસીસ રજુ કરેલ તેમાં જણાવેલ વિગતે આ કામના બીજા પક્ષકાર પ્રથમ પક્ષકાર નં.૨ ના કામદાર હતા પરંતુ ગેરસમજના કારણે આ કેસ દાખલ કરેલ હતો. ગેરસમજ દુર થતાં કોઈ વિવાદ રહેતો ન હોય આ રેફરન્સ આગળ ચલાવવા માગતા નથી અને પાછો ખેંચતા હોય તે મુજબ રેફરન્સ વીડ્રોથી ફેંસલ કરવામાં આવે છે. ખર્ચ અંગે કોઈ હુકમ કરવામાં આવતો નથી.

અમદાવાદ.
તા.૧૧–૦૨–૨૦૨૩

(ભરતકુમાર શાંતિલાલ ભટ્ટ)
CODE-GJ00472
પ્રમુખ અધિકારી,
મજૂર અદાલત નં. ૧, અમદાવાદ.

R.C.GOHEL.PA.